# ફિલ્મ 'ચિત્તાગોંગ'થી ૧૨મા વાર્ષિક ન્યુ યોર્ક ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભ થશે

**ન્યુ યોર્કઃ** ઈન્ડો-અમેરિકન આર્ટ્સ કાઉન્સિલ દ્વારા અહીંના ટ્રાઇબેકા સિનેમામાં ૨૩મીથી ૨૭મી મે દરમિયાન ૧૨મા વાર્ષિક ન્યુ યોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ફેસ્ટિવલનો પ્રારંભ પેરિસ થિયેટરમાં સાંજે છ વાગ્યે બ્રેડા બ્રાટા પેઇનની 'ચિત્તાગોંગ' ફિલ્મની રજૂઆતથી થશે. ત્યાર પછી જુમેઇરા એસેક્સ હાઉસ બોલરૂમમાં ભવ્ય બેનિફિટ ડિનર યોજાશે. લાક્ષણિક વક્તાઓમાં ભારતનાં અમેરિકાસ્થિત એમ્બેસેડર નિરુપમા રાવ અને રિપબ્લિકન કેરોલીન મેલોનીનો સમાવેશ થાય છે. હાલમાં જ અવસાન પામેલા બોલીવુડના કળાકારો શમ્મી કપૂર અને દેવ આનંદને ઉદ્‌ઘાટન સમારંભની સાંજે એક સંગીતમય શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ શ્રદ્ધાંજલિ દેવિકા ભીસે અને તેમનું જાઝ ટ્રાયો રજૂ કરશે.

ફેસ્ટિવલની વેબસાઈટ પર દર્શાવેલા કથાસાર અનુસાર સન ૧૯૩૦ના બ્રિટિશ ભારતનાં હુલ્લડો પર આધારિત ફિલ્મ 'ચિત્તાગોંગ' એક ૧૪ વર્ષના કિશોર, જુનકુ અને તેનાં મૂળિયાં શોધવાની તેની સફરની સત્ય હકીકત કહે છે. ફિલ્મમાં મનોજ વાજપેયી, બેરી જહોન અને ડેલ્ઝાદ હિવાલેએ અભિનય કર્યો છે.

પોતાની કેન્દ્રીય ફિલ્મ તરીકે ફેસ્ટિવલ સદાબહાર દેવ આનંદ અને સાધનાને ચમકાવતી 'હમ દોનો' રંગીન ફિલ્મ દર્શાવશે. આ ફિલ્મને સુપ્રસિદ્ધ ફિલ્મોની માલિકીની રંગીનમય પ્રક્રિયાનો ઉપયોગ કરીને પુનઃ




સ્થાપિત કરવામાં આવી છે.

આ ફેસ્ટિવલ મહત્વાકાંક્ષી અંજુમ રાજાબાલી સાથે મળીને લેખકો અને લેખક-દિગ્દર્શકો માટેના પટકથા - લેખનની વર્કશોપની પણ રજૂઆત કરી રહ્યો છે. આમાં ભાગ લેવાની અંતિમ તારીખ ૩૦મી એપ્રિલ છે. ફેસ્ટિવલની વેબસાઈટ પર દર્શાવેલી માહિતી અનુસાર બે દિવસ દરમિયાન, ભાગ લેનારાઓ વ્યક્તિગત ધોરણે અને સંયુક્ત વર્કશોપમાં પોતાની વાર્તાઓ પર પ્રતિસાદ અને માર્ગદર્શન મેળવશે.

બે વ્યાખ્યાનઆધારિત સત્રો પણ હશેઃ ભારતીય સ્વતંત્ર સિનેમાના અનુલક્ષમાં મૂળભૂત નાટ્ય-સંબંધી સિદ્ધાંતોનું નવસંસ્કરણ તેમ જ ભારતીય ફિલ્મઉદ્યોગમાં વ્યાવસાયિક પટકથાલેખક બનવા સામેના પડકારો.

૫૩ વર્ષીય રાજાબાલીએ પોતાની પ્રથમ ફિલ્મ 'દ્રોહકાલ' ડિરેક્ટર ગોવિંદ નિહલાનીના સહયોગથી સન ૧૯૯૨માં લખી હતી.

ત્યાર પછી તેમના દ્વારા લખાયેલી નવ ફિલ્મો પ્રસારિત થઈ છે, જેમાં 'ગુલામ', 'ધ લિજેન્ડ ઓફ ભગત સિંહ' અને 'રાજનીતિ'નો સમાવેશ થાય છે. તેમણે રાજકુમાર સંતોષી, પ્રકાશ ઝા અને મિલન લુથરિયા જેવા ડિરેક્ટરો સાથે કામ કર્યું છે.

તેમણે 'ગંગાજલ' અને 'અપહરણ' જેવી કેટલીક ફિલ્મોમાં સલાહકાર તરીકે પણ કામ કર્યું છે.

સન ૨૦૦૪માં તેમણે પુણેની ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થામાં ભારતના પ્રથમ પટકથાલેખન વિભાગનું આલેખન અને સ્થાપના કરી હતી. અત્યારે તેઓ આ વિભાગના માનદ અધ્યક્ષ છે.

સન ૨૦૦૬થી તેઓ મુંબઈની ફિલ્મ, મિડિયા અને કળા માટેની શાળા વ્હીસલિંગ વૂડ્સના પટકથાલેખનના પણ અધ્યક્ષ છે.

ફેસ્ટિવલની વેબસાઇટના જણાવ્યા અનુસાર ન્યુ યોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ફીચર ફિલ્મો, દસ્તાવેજી ફિલ્મો અને ટૂંકી ફિલ્મો માટેનું અને ભારતીય ઉપખંડ માટેનું નોર્થ અમેરિકાનું સૌથી જૂનું અને સૌથી પ્રતિષ્ઠિત કેન્દ્ર રહ્યું છે. અત્યાર સુધી ફેસ્ટિવલ દ્વારા અનેક જાણીતી ફિલ્મોના પ્રીમિયર યોજ્યા છે, જેમાં 'સ્લમડોગ મિલિયોનેર', 'ધ નેમસેક', 'મોનસૂન વેડિંગ', 'વોટર', 'બ્રાઇડ એન્ડ પ્રેજ્યુડાઇસ' વગેરેનો સમાવેશ થાય છે.

*(જીટીએનએસ સંકલન)*

# રાહત ફતેહ અલી ખાનની બે માસની યુએસ કોન્સર્ટ ટુર

**ન્યુ યોર્કઃ** સ્ટાર ઇન્ડિયા પ્લસ અને પીએમઇ (પોર્ટફોલિયો માર્કેટિંગ એન્ડ ઇવેન્ટ્સ) દ્વારા ન્યુ યોર્ક સિટીમાં ફોક્સ સ્પોર્ટ્સ સ્યુટમાં ૧૨મી એપ્રિલે વિશ્વવિખ્યાત ગાયક રાહત ફતેહ અલી ખાન માટે પત્રકાર પરિષદનું આયોજન કરાયું હતું. રાહત ફતેહ અલી ખાન સાથે તેમના મેનેજર શફીક સાદિકી, સ્ટાર ટીવીના માર્કેટિંગ એન્ડ સેલ્સનાં વાઇસ પ્રેસિડન્ટ મોનિકા સાધુ, પીએમઇના સલમાન અહમદ અને અનવર ચૌધરીએ યુએસ કોન્સર્ટ ટુર સાથે પત્રકાર પરિષદ સંબોધી હતી.



સ્ટાર ઇન્ડિયા પ્લસ અને પીએમઇ દ્વારા પ્રાયોજિત આ સંગીતમય કોન્સર્ટ અમેરિકાભરના નાગરિકોને પોતાનાં ગીતસંગીતથી ડોલાવવા તૈયાર છે. ફ્લોરિડાના ફોર્ટ લાઉડરડેલમાં ૧૪મી એપ્રિલથી પોતાના મ્યુઝિકલ ગ્રુપ સાથે તેઓ પોતાના અમેરિકાભરના સંગીતમય પ્રવાસનો પ્રારંભ કરશે. આ પછી તેઓ સાન ફ્રાન્સિસ્કો, લોસ એન્જલસ, ડલાસ, હ્યુસ્ટન, રાલેઇઘ, વોશિંગ્ટન, શિકાગો, એટલાન્ટા, ડેટ્રોઇટ, બોસ્ટન, ન્યુ યોર્ક, ન્યુ જર્સી અને જેક્સન-વિલેમાં પરફોર્મ કરશે. આ પછી તેઓ કેનેડાનો પ્રવાસ કરશે અને દક્ષિણમાં કેરેબિયન પ્રવાસે પણ જશે. લાસ વેગાસમાં નવમી જૂને મ્યુઝિકલ ટુરની પૂર્ણાહુતિ થશે.

સ્ટાર ટીવી ઇન્ટરનેશનલ બિઝનેસના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ રાજન સિંહે આ કોન્સર્ટ ટુર માટે સ્ટારની સ્પોન્સરશિપની માહિતી આપતાં કહ્યું કે અમારી ચેનલની અમારા દર્શકોને શ્રેષ્ઠ મનોરંજન પીરસવાની વિચારસરણીને ધ્યાનમાં રાખીને અમે આ ટુરને સ્પોન્સર કરી છે. સાઉથ એશિયન મ્યુઝિકમાં




**ન્યુ યોર્ક સિટીના ફોક્સ સ્પોર્ટ્સ સ્યુટમાં ૧૨મી એપ્રિલે અમેરિકાનાં મુખ્ય રાજ્યોને આવરી લેતી પોતાની બે માસ લાંબી મ્યુઝિકલ ટુર વિશે પત્રકાર પરિષદમાં માહિતી આપી રહેલા ઉસ્તાદ રાહત ફતેહ અલી ખાન. તેમની ડાબી બાજુ પીએમઇના સલમાન અહમદ નજરે પડે છે.**

ઉસ્તાદ રાહત ખૂબ જ જાણીતું નામ છે અને તેમની સાથે જોડાતાં અમને ગૌરવ થાય છે. અમને આશા છે કે નોર્થ અમેરિકામાં પીએમઇ અને ઉસ્તાદ રાહત સાથેના નવા સંબંધોની આ શરૂઆત છે.

ઉસ્તાદ રાહતે પોતાના કાકા સદ્‌ગત ઉસ્તાદ નુસરત ફતેહ અલી ખાનને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે તેમના કાકા દંતકથારૂપ હતા અને દરેક સમયે પોતે તેમનામાંથી પ્રેરણા લીધી હતી. તેમના ગાનમાં તેમની આધ્યાત્મિકતા તેમને અન્યો કરતાં અલગ પાડતી હતી. આ આધ્યાત્મિકતા તેમના સંગીતનો આધાર હતી અને તેઓ સૂફી સંગીતની ઊંડાણભરી આધ્યાત્મિકતાને પ્રમોટ કરવાની યોજના ઘડી રહ્યા છે, જે ભાવિ પેઢીને તેમની સંસ્કૃતિ અને મૂલ્યોની જાણકારી આપવા માહિતગાર નીવડશે.

આ વિશે વધુ માહિતી માટે વેબસાઇટની મુલાકાત લોઃ www.rfakliveshows.com

# ડો. ગૌતમ પટેલ અમેરિકાની યાત્રાએ

**અમદાવાદઃ** સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય અને વેદરત્ન, વિદ્યાવાચસ્પતિ તેમ જ સંસ્કૃત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ ડો. ગૌતમ પટેલ ધર્મપત્ની નીલમબહેન પટેલ સાથે દસમી મેથી દસમી ઓગસ્ટ સુધી અમેરિકાની યાત્રાએ આવી રહ્યા છે. તેઓ સંસ્કૃત સાહિત્ય તેમ જ ભારતીય ધર્મ, દર્શન અને સંસ્કૃતિના વિષયો પર પ્રવચનો આપે છે. વેદ, ઉપનિષદ, ભગવદ્‌ગીતા, ભાગવત પુરાણ, વાલ્મીકિ, વ્યાસ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ, જગન્નાથ, આદિ શંકરાચાર્ય વગેરે



ડો. ગૌતમ પટેલ



નીલમ પટેલ

તેમના રસના વિષયો છે.

જેઓ તેમનાં પ્રવચનો સાંભળવા ઇચ્છતા હોય તેમણે રમેશ જાદવ ૨૦૧-૩૪૧-૪૪૫૭ અથવા ૭૩૨-૨૯૭-૧૮૬૬, અરવિંદ પટેલ ૯૭૩-૫૮૦-૬૯૨૫ અથવા ૯૭૩-૨૫૬૧-૨૪૭૨, નવનીત વોરા ૯૭૩-૬૩૩-૫૩૧૧, મહેન્દ્ર પટેલ ૬૩૦-૯૧૦-૧૧૭૬, પંકજ (પ્રીતિ) પટેલ ૭૬૦-૯૯૦-૧૫૧૫ અથવા ૭૬૦-૭૫૮-૮૫૬૯નો સંપર્ક કરવો. ગૌતમ પટેલ પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દેવાંશી ઝાલા અત્યારે પીએચડી કરી રહ્યાં છે.

*(જીટીએનએસ)*

# વરાઈઝોન ફાયોઝ ટીવીના ગ્રાહકો બોલીવુડનાં ગીતો માણી શકશે

**ન્યુ યોર્કઃ** બોલીવુડના ચાહકો કે જેઓ વરાઈઝોન

verizon

ફાયોઝ ટીવીના ગ્રાહકો છે તેઓ હવે પોતાના મનપસંદ સિતારાઓની મુલાકાતો, સંગીત વિડિયો અને નવી ફિલ્મો ગમે ત્યારે પોતાની અનુકૂળતાએ બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડનું લવાજમ ભરીને માણી શકશે.

ફાયોઝ ટીવીના ગ્રાહકોને દર મહિને ૭.૯૯ ડોલર ભરીને આ સુવિધા મળી શકશે. બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડ ઇરોઝ ઇન્ટરનેશનલ તરફથી દર મહિને મનોરંજનની પસંદગીની વિવિધતા અમર્યાદિત સમય સુધી માણી શકશે, જેમાં બોલીવુડની ૪૦ બ્લોકબસ્ટર ફિલ્મો અને ૧૦૦ મ્યુઝિક વિડિયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ક્લાસિક ફિલ્મોની લાઇબ્રેરી, ટીવી શ્રેણીઓ, પડદા પાછળની હકીકતો અને અન્ય લોકપ્રિય ભારતીય કાર્યક્રમો પણ માણી શકાશે.

આ ઉપરાંત ગ્રાહકો સૈફ અલી ખાન અને કરીના કપૂરને ચમકાવતી સાવ જ નવી ફિલ્મ 'એજન્ટ વિનોદ' પણ મે માસમાં જોઈ શકશે. મોટા ભાગની નવી રજૂ થયેલી ફિલ્મો પોતાના ડીવીડી સ્વરૂપમાં આવતાં અગાઉ જ નિહાળી શકાશે.

ફાયોઝ ટીવીના ગ્રાહકો બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડ પ્રીમિયમ ચેનલ્સના વિડિયો-ઓન-ડિમાન્ડ ફોલ્ડરમાં બોલીવુડ મ્યુઝિક એન્ડ મુવીઝમાં જઈને શોધી શકે છે.

ઇરોઝ ઇન્ટરનેશનલના નોર્થ અમેરિકાના પ્રેસિડન્ટ કેન નાઝે કહ્યું હતું કે વરાઈઝોન ફાયોઝ ટીવીના ગ્રાહકો માટે બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડની સુવિધા ઉપલબ્ધ કરાવતાં અમને આનંદ થાય છે. ડિજિટલ ટેલિવિઝનની સુવિધા સાથે ગ્રાહકોને ગમે ત્યારે બ્લોકબસ્ટર નવી ફિલ્મો માણવાની તક મળશે. બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડ ઇન્ટરનેશનલ મિડિયા ડિસ્ટ્રિબ્યુશન અને ઇરોઝ ઇન્ટરનેશનલ વચ્ચેની સંયુક્ત ભાગીદારી છે. બોલીવુડ હિટ્સ ઓન ડિમાન્ડ હાલની બોલીવુડની નવી બ્લોકબસ્ટર ફિલ્મો દર્શાવે છે અને ગ્રાહકો તે ફિલ્મો અમર્યાદિત સમય સુધી જોઈ શકાશે.

ગ્રાહકો પોતાને મનગમતી ફિલ્મો અને માહિતી, ગીતો વગેરે પોતાની સુવિધા મુજબ ગમે ત્યારે સ્ટાર્ટ, સ્ટોપ, પોઝ, રિવાઇન્ડ, ફાસ્ટ ફોરવર્ડ કરી શકશે. આ ઉપરાંત નવાં ટાઇટલ પણ દર અઠવાડિયે જોવા મળશે.

*(અખબારી યાદીમાંથી)*

# માતૃસંસ્થા - ચારુસેટ હેલ્થકેરના પ્રમુખ નગીનભાઈ અમેરિકાની મુલાકાતે



નગીનભાઈ પટેલ

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા, ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ અને ચારુસેટ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (સીએચઆરએફ) ની સ્થાપના કરવામાં આવી છે. માતૃસંસ્થાના પ્રમુખ અને સીએચઆરએફના પ્રમુખ નગીનભાઈ એમ. પટેલ ૧૬મી એપ્રિલ સોમવારથી ત્રણ અઠવાડિયાં માટે અમેરિકાની મુલાકાતે આવ્યા છે. તેઓ પાંચમી મેએ ભારત પરત આવશે.

નગીનભાઈ પટેલ અમેરિકામાં વિવિધ સ્થળે ચારુસેટ હેલ્થકેરના પ્રચાર-પ્રસાર કરશે અને દાતાઓ-મહાનુભાવોને મળીને દાનની અપીલ કરશે. ઉલ્લેખનીય છે કે સમાજના દરેક વર્ગના લોકોને પોષાય તેવા દરે આરોગ્ય સુવિધા સુલભ બનાવવા ૪૫૦ બેડની વૈશ્વિક કક્ષાની સુવિધાઓ ધરાવતી ચારુસેટ હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી રહી છે. આ હોસ્પિટલનો પ્રોજેક્ટ રૂ. ૨૫૦ કરોડનો છે અને દેશવિદેશના દાતાઓએ દાન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવેલી છે.

સમાજે ખરા દિલથી આ મેગા પ્રોજેક્ટને સાકાર કરવાનો દૃઢનિશ્ચય કર્યો છે.

નગીનભાઈ પટેલ ૧૯૮૧થી અમેરિકા ગયા હતા અને અવારનવાર અમેરિકાની મુલાકાત લેતા રહે છે. તેઓ અમેરિકી સિટિઝન છે. તેમના પરિવારના ૧૦૦થી વધુ સભ્યો અમેરિકામાં વર્ષોથી વસે છે.

અમેરિકામાં તેમના પુત્રના સરનામે તેમનો સંપર્ક કરી શકાશેઃ

Amrish Patel
26 Tall Oaks Drive
Monroe Township, NJ 08831
Phone: (732) 251-3786